ક્રમાંકઃજે/જમન/ID.NO.2489/તત્કાલ/એસ.આર.નં. 3

/૧૪/વશી ૧૮૭૪/૧૪

બી-બ્લોક નં.પાંચમો માળ,ચીટનીશ શાખા,કલેક્ટર કચેરી,

જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત.

તા.૧૧/૩/૨૦૧૪

વાંચનમાં લીધુઃ-

(૧) અરજદાર જમીનધારક શ્રી પરેશભાઈ ચંદુભાઈ વેકરીયા વિગેરે રહે.જહાંગીરાબાદ તા.સીટી જિ.સુરતની અરજી તા.૩૦/૧૦/૨૦૧૩

(૨) અત્રેની કચેરીના વહીવટ શાખાના પત્ર નં.એલએકયુ/વશી ૨૧૧૦/એસ.આર.નં.૫૦૫/૧૨ તા.૧૫/૯/૨૦૧૦

(૩) અત્રેની કચેરીના ગણોતશાખાના હુકમ નં.ગણત/રજી.નં.૨૩૪/૧૦/વશી ૭૪૦૩/૨૦૧૨ તા.૫/૯/૨૦૧૧

(૪) નાયબ કલેકટરશ્રી,સીટી પ્રાંત,સુરતના પત્ર નં.એમએસસી/નશજ/બીનખેતી/વશી ૫૩૪૦/૧૦/ તા.૨૯/૧૨/૨૦૧૦

(૫) અત્રેની કચેરીના હકક પત્રક નં.એ/હકપ/સ્યુમોટો/વશી ૨૯૮૧,૨૯૮૨/૨૦૧૩ તા.૭/૧૧/૨૦૧૩

(૬) સક્ષમ અધિકારી અને અધિક કલેકટર(યુ.એલ.સી.)સુરતના પત્ર નં.યુ.એલ.સી/૬(૧)/જહાંગીરાબાદ/અભિપ્રાય/વશી ૧૭૦૪/૧૦ તા.૧૮/૯/૨૦૧૦

(૭) મામલતદારશ્રી,સીટી તાલુકા,સુરતના પત્ર નં.જમન/કલમ-૪૩/રજી.નં.૧૨૯/૧૦/વશી ૬૪૯૨/૧૦ તા.૧૮/૧૦/૨૦૧૦

(૮) મદદનીશ નગર નિયોજકશ્રી/શહેરી વિકાસ સત્તા મંડળ/સુરતના તા.૨૧/૧૦/૨૦૧૧ ના ઝોનીગ સર્ટી ક્રમાંકઃસુડા/ટેક/ ઝો.સર્ટી/૧૧૨૫૭૦

(૯) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃએલઆરસી/૧૦-૨૦૦૨/૧૬૪૦/ક તા.૨૨/૪/૨૦૦૩

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃજીએચએમ/૨૦૦/૨/એમ/એલઆરઆર/ ૧૦/૨૦૦૨/૧૬૪૦/(૧)(કે) તા.૨૯/૩/૨૦૦૮

(૧૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃબખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૨૦૦૮

(૧૨) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃબખપ/૨૦૧૦/૯૦૩/ક તા.૩/૧૨/૨૦૧૦

(૧૩) અરજદારશ્રીએ સરકારશ્રીની જોગવાઈ અનુસાર જમા કરાવેલ રૂપાંતર કર અન્વયે રજુ કરેલ ચલણ નંબર.૪૮/૨૦૧૩-૧૪ તા.૨૬/૧૧/૨૦૧૩ તથા ચલણનં.૮૫/૧૩-૧૪ તા.૧૮/૧/૨૦૧૪

હુકમઃ-

આ કામની હકીકત એવી છે કે,આમુખ-૧ માં જણાવેલ અરજદાર જમીનધારક શ્રી પરેશભાઈ ચંદુભાઈ વેકરીયા વિગેરે રહે.જહાંગીરાબાદ તા.સીટી જિ.સુરતએ તેમની તા.૩૦/૧૦/૨૦૧૩ ની અરજીથી તેઓએ ધારણં કરેલી મોજેઃજહાંગીરાબાદ તા.સુરતસીટી(અડાજણ)ના સ.નં.૨૪ બ્લોક નં.૨૬/૧ ક્ષેત્રફળ ૬૪૭૫ ચો.મી.વાળી જમીન વાણિજયના હેતુ માટે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ બીનખેતી પરવાનગી મળવા માંગણી કરેલ છે.

Scanned by CamScanner

મોજે;જહાંગીરાબાદ તા;સીટીના રે.સ.નં.૨૪ બ્લોકનં.૨૬/૧ ક્ષે.૬૪૭૫ ચો.મી. જમીન વાણિજ્યના હેતુ માટે અત્રેની કચેરીના હુકમક્રમાંક;એ/જમન/એસઆરનં.3/૧૩/ID NO-2489/વશી૧૮/૨૦૧૩ તા૧/3/૨૦૧૪

---

અરજદાર જમીન ધારકએ તેમની અરજી સાથે તેઓએ ધારણ કરેલી મજકુર મોજેઃજહાંગીરાબાદ તા.સુરતસીટી(અડાજણ)ના સ.નં.૨૪ બ્લોક નં.૨૬/૧ ક્ષેત્રફળ ૬૪૭૫ ચો.મી.વાળી જમીનની સને-૨૦૧૨-૨૦૧૩ ના વર્ષની રજુ કરેલ ૭/૧૨ માં કબજેદાર તરીકે આ કામના અરજદાર જમીન ધારકો (૧) પરેશભાઈ ચંદુભાઈ વેકરીયા (૨) વિજયભાઈ ગણેશભાઈ મોરડીયા (૩) ધર્મેશભાઈ અમૃતલાલ પટેલ (૪) જીવણભાઈ વાલજીભાઈ ભુગાણી (૫) નરેશભાઈ ચંદુભાઈ વેકરીયા (૬) સંજયભાઈ ગણેશભાઈ મોરડીયા (૭) ગણેશભાઈ માધાભાઈ મોરડીયા તમામ રહે.જહાંગીરાબાદ તા.સુરતસીટી જિ.સુરતના સંયુકત નામે ચાલી આવેલ છે.આ જમીન આ કામના અરજદાર જમીનધારકોએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૩૯ તા.૬/૬/૨૦૧૩ થી વેચાણ હકકે ધારણ કરે છે.જે રજુ કરેલ ફેરફાર નોંધ નં.૨૪૮૮ તા.૧૪/૬/૨૦૧૩ ની નકલથી ખાત્રી કરતાં જણાય આવે છે.

આ કામે સરકારશ્રીના મહેસુલ વિભાગના આમુખ-૧૨ માં જણાવેલ તા.૩/૧૨/૨૦૧૦ ના પત્રથી હાલ અમદાવાદ જિલ્લામાં તત્કાલ બીનખેતી યોજના દાખલ કરવામાં આવેલ છે.જે રાજયના અન્ય જિલ્લાઓમાં દાખલ કરવા બાબતે કલેકટર કોન્ફરન્સમાં ચર્ચા-વિચારણા કરવામાં આવેલ છે.જે મુજબ આ યોજના સમગ્ર રાજયમાં અમલમાં લાવવાનું નકકી કરેલ હોય અત્રેનાં જિલ્લામાં આ યોજના અમલમાં મુકવા તા.૧૩/૧/૨૦૧૧ ના પરિપત્ર બહાર પાડી સબંધિત તમામ અધિકારીશ્રીઓના આ તત્કાલ બીનખેતી યોજના અત્રેથી તા.૧૭/૧/૨૦૧૧ થી અમલમાં મુકવામાં આવેલ હોવાની તથા આ તત્કાલ બીનખેતી યોજના હેઠળ જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫,૬૬ હેઠળ બીનખેતી પરવાનગી મેળવવા ઈચ્છા ધરાવનાર ખેડુત/ખાતેદારોએ આ પરિપત્રની કાર્યપધ્ધતિને અનુસરવાનું ઠરાવેલ છે.

આ કામના અરજદાર જમીનધારકોએ સરકારશ્રીની તત્કાલ બીનખેતી યોજના હેઠળ તેઓએ ધારણ કરેલી મજકુર મોજેઃજહાંગીરાબાદ તા.સુરતસીટી(અડાજણ)ના સ.નં.૨૪ બ્લોક નં.૨૬/૧ ક્ષેત્રફળ ૬૪૭૫ ચો.મી.વાળી જમીન અંગે સબંધિત જે તે કાયદાતળેના અમલીકરણ અધિકારીશ્રીઓ પાસેથી હકારાત્મક અભિપ્રાયો મેળવી તેમની અરજી સાથે રજુ કરેલ છે તથા આમુખ-૬ માં જણાવેલ મામલતદારશ્રી તથા સર્કલ ઓફિસરશ્રી તથા તલાટી-કમ-મંત્રીશ્રી,જહાંગીરપુરા ધ્વારા આ જમીનની સને-૧૯૨૭-૨૮ થી સને-૨૦૧૨-૧૩ ના વર્ષ સુધીની ૭/૧૨ તથા તેમાં પડેલી તમામ ફેરફાર નોંધની ચકાસણી જાતે કરી તે બરાબર હોવાનું અને અરજી હેઠળની આ જમીન જુની શરતની હોવાનું અને આ કામના અરજદાર જમીનધારકોએ અરજી કર્યાની તારીખે ચોખ્ખુ ટાઈટલ ધરાવતું હોવાનું સંયુકત સહીથી ટાઈટલ કલીયર પ્રમાણપત્ર આપેલ છે તથા આ જમીનની આજુબાજુ બીનખેતીને લગતા બાંધકામો થવાથી તેનો ખેતી ઉપયોગ થઈ શકતો નથી તેમ જણાવેલ છે.

આમુખ-૨ માં જણાવેલ અત્રેની કચેરીના વહીવટ શાખાના જમીન સંપાદન દફતરેથી ખાત્રી કરાવી અહેવાલ મેળવતાં,આ જમીન અંગે જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ હેઠળ હાલમાં કોઈ કાર્યવાહી ચાલતી નથી તેમ જણાવેલ છે.

આમુખ-૩ માં જણાવેલ આ જમીન ગણોતધારાની કલમ-૪૩ ને આધીન નવી શરતની ચાલી આવેલ હતી.આ કામના અગાઉના અરજદાર જમીનધારકો શ્રી નવીનભાઈ મગનભાઈ વિગેરે રહે.જહાંગીરાબાદ તા.સીટી જિ.સુરતએ આ નવી શરતની જમીન બીનખેતીના રહેણાંકના હેતુ માટે જુની શરતમાં ફેરવી આપવા માંગણી કરતાં,અત્રેથી સરકારશ્રીની પુર્વમંજુરી મેળવી જમીનધારકો પાસેથી આ જમીનની વાણિજયના હેતુ માટેની હાલની અમલી જંત્રી મુજબ પ્રતિ ચો.મી.ના રૂા.૧૦૦૦૦/-લેખે ૬૪૭૫×૧૦૦૦૦ મુજબ

Scanned by CamScanner

**મોજે;જહાંગીરાબાદ તા;સીટીના રે.સ.નં.૨૪ બ્લોકનં.૨૬/૧ ક્ષે.૬૪૭૫ ચો.મી. જમીન વાણિજ્યના હેતુ માટે અત્રેની કચેરીના હુકમક્રમાંક;એ/જમન/એસઆરનં.૩ /૧૩ /ID NO-2489/વશી૧૯૧/૨૦૧૪ તા૧૧/૩ /૨૦૧૪**

---

જમીનની કુલ બજાર કિંમત રૂા.૬,૪૭,૫૦,૦૦૦/-નકકી થતી હોય,આ નકકી થયેલ બજાર કિંમતના સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૪/૭/૨૦૦૮ તથા તા.૩/૫/૨૦૧૧ ના ઠરાવની જોગવાઈ મુજબ ૪૦% પ્રમાણે રૂા.૨,૫૯,૦૦,૦૦૦/-/-(અંકે રૂપિયા બે કરોડ ઓગણસાંઠ લાખ પુરા)નું પ્રિમીયમ વસુલ લઈ અત્રેના હુકમ નં.ગણત/રજી.નં.૨૩૪/૧૦/વશી ૭૪૦૩/૧૨ તા.૫/૯/૧૨ થી ગ.ધા. કલમ-૪૩,૬૩ તથા નિયમ-૨૫-૩૬ મુજબ નવી શરતની આ જમીન બીનખેતીના વાણિજયના હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરી આપવા હુકમ કરવામાં આવેલ છે.

ત્યારબાદ અરજદારે તા.૪/૩/૨૦૧૩ની અરજીમાં જણાવ્યા પ્રમાણે કુલ ક્ષે.૬૪૭૫ ચો.મી. પૈકી ૨૯૧૩.૭૫ ચો.મી. માં વાણિજ્યના હેતુ માટે હેતુફેર કરી આપવાની અરજી કરતાં અત્રેની ગણોત શાખાના હુકમનં.ગણત/વશી૫૨૪/૨૦૧૩ તા.૩૧/૭/૨૦૧૩માં જણાવ્યા પ્રમાણે બ્લોકનં.૨૬/૧ હે.૦-૬૪-૭૫ ચો.મી. પૈકી ૨૯૧૩.૭૫ ચો.મી. જમીન વાણિજ્ય હેતુસર ઉપયોગ કરવા હુકમની શરતોને આધિન સુધારા હુકમ કરવામાં આવેલ છે.

આ કામના અરજદાર જમીનધારકોએ નવી શરતની આ જમીન જુની શરતમાં ફેરવવા માટે કરેલ અરજીના સંદર્ભે અત્રેની કચેરીના ગણોતશાખા દ્વારા મેળવેલ જે તે કાયદાતળેના અમલીકરણ અધિકારીશ્રીઓના અભિપ્રાયોની નકલ ગણોતશાખામાથી મેળવી તેમની પ્રસ્તુત બીનખેતી પરવાનગીની અરજી સાથે ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

આમુખ-૪ માં જણાવેલ નાયબ કલેકટરશ્રી,સીટી પ્રાંત,સુરતએ તેમના તા.૨૯/૧૨/૨૦૧૦ ના પત્રથી આ કામનાં અરજદાર જમીનધારકને આપેલ જવાબની હકીકત લક્ષમાં લેતાં પ્રશ્નવાળી જમીન અંગે કોઈ મહેસુલી કોર્ટ,સીવીલકોર્ટ કે કોઈ સત્તાધિકારી પાસે,ટ્રીબ્યુનકલ કે ન્યાયાલય સમક્ષ કોઈ દાવો પડતર નથી તેમ જણાવેલ છે.

આમુખ-૫ માં જણાવેલ અત્રેની કચેરીના હકક પત્રક દફતરેથી ખાત્રી કરી આ કામના અરજદાર જમીનધારકોને આપેલ જવાબની હકીકત લક્ષમાં લેતાં આ જમીનમાં પડેલ ફેરફાર નોંધો પૈકી કોઈપણ ફેરફાર નોંધ અંગે હકકપત્રક ટીમ તરફથી રીવીઝનમાં લેવા માટે કોઈ કેસ ઉપસ્થિત કરવામાં આવેલ નથી તેમજ આરટીએસ/અપીલ તથા સ્યુમોટો રજીસ્ટરે પણ કોઈ નોંધ અંગે હાલ કોઈ કેસ ચાલતા નથી તેમ જણાવેલ છે.

આમુખ-૬ માં જણાવેલ સક્ષમ અધિકારી અને અધિક કલેકટર(યુ.એલ.સી)સુરતના પત્ર નં.યુ.એલ.સી/૬(૧)/ જહાંગીરાબાદ/અભિપ્રાય/વશી ૧૭૦૪/૨૦૧૦ તા.૧૮/૯/૨૦૧૦ ના રેકર્ડથી ખાત્રી કરાવી અહેવાલ મેળવતાં,સવાલવાળી જમીન બાબતે ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ હેઠળ હાલ કોઈ કેસ ચાલતા નથી તેમ જણાવેલ છે.

આમુખ-૭ માં જણાવેલ મામલતદારશ્રી,સીટીએ તેમના તા.૧૮/૧૦/૨૦૧૦ ના પત્રથી આ જમીન સ્થળ ખરાઈ કરી રજુ કરેલ અહેવાલમાં જણાવેલ વિગતે મોજેઃજહાંગીરાબાદ તા.સુરતસીટી(અડાજણ)ના સ.નં.૨૪ બ્લોક નં.૨૬/૧ ક્ષેત્રફળ ૬૪૭૫ ચો.મી.વાળી જમીન જમીન સ્થળે ખુલ્લી હોવાનું તથા જમીન અંગે પ્રિમીયમની રકમ ભરવા અરજદારની સંમતી હોય માંગણી મુજબ વાણિજયના હેતુ માટે હેતુફેરની પરવાનગી આપવા અભિપ્રાય છે તેમ જણાવેલ છે.

Scanned by CamScanner

મોજે;જહાંગીરાબાદ તા;સીટીના રે.સ.નં.૨૪ બ્લોકનં.૨૬/૧ ક્ષે.૬૪૭૫ ચો.મી. જમીન વાણિજ્યના હેતુ માટે અત્રેની કચેરીના હુકમક્રમાંક;એ/જમન/એસઆરનં.૩/૧૩/ID NO-2489/વશી૧૬૧/૨૦૧૩ તા૧૧/3/૨૦૧૪

---

આમુખ-૮ માં જણાવેલ મદદનીશ નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તા મંડળ,સુરતએ આપેલ ઝોનીગ સર્ટીફિકેટ ધ્યાંને લેતાં મજકુર મોજેઃજહાંગીરાબાદ તા.સીટી જિ.સુરતના બ્લોક નં.૨૬/૧ વાળી જમીન રેસીડેન્સીયલ ઝોનમાં આવે છે તથા

આમ ઉપરોકત એકંદરે હકીકત ધ્યાંને લેતાં તથા સબંધિત જે તે કાયદાતળેના અમલીકરણ અધિકારીશ્રીઓ ધ્વારા આપેલ સાનુકુળ અભિપ્રાયો સહીતની વિગતો લક્ષમાં લેતાં આ કામના અરજદાર જમીનધારકોને તેઓએ ધારણ કરેલી મજકુર મોજેઃજહાંગીરાબાદ તા.સુરતસીટી(અડાજણ)ના સ.નં.૨૪ બ્લોક નં.૨૬/૧ ક્ષેત્રફળ ૬૪૭૫ ચો.મી.વાળી જમીન વાણિજયના હેતુ માટે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ બીનખેતી પરાવનગી આપવામાં હરકત સરખુ ન હોય પ્રથમ રૂપાંતરકર વસુલ કરી બીનખેતી પરવાનગી આપવા અત્રેથી નિર્ણય લીધેલ છે.તે મુજબ જમીનધારકોને આમુખ-૭ માં જણાવેલ સરકારશ્રીના મહેસુલ વિભાગનાં તા.૨૨/૪/૨003 ના પરિપત્રની જોગવાઈ અનુસાર બીનખેતીમા રૂપાંતરકર પ્રતિ ચો.મી.ના રૂ.૧૦/-લેખે ૬૪૭૫.00 ચો.મી.જમીનના રૂ.૬૪૭૫૦/- (અંકે રૂપિયા ચોસઠ હજાર સાતસો પચાસ પુરા) સરકારશ્રી ખાતે ભરપાઈ કરવા જણાવતાં,તેઓએ આ રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,નાનાપુરા શાખામાં આમુખ-૯ માં જણાવેલ ચલણથી જમા કરાવી ચલણની એક પ્રત રજુ કરેલ છે.તદઉપરાંત જમીનધારકોએ આમુખ-૮ માં જણાવેલ સરકારશ્રીના મહેસુલ વિભાગનાં તા.૨૯/૩/૦૮ ના જાહેરનામા અનુસાર અને જમીન મહેસુલ નિયમોનાં નિયમ-૮૧ મુજબ સુરત શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તાર વર્ગ-એ માં સમાવિષ્ટ થયેલ હોય વિશેષધારો પ્રતિ ચો.મી.નાં રૂ.૦.૨૫ પૈસા લેખે ૬૪૭૫-00 ચો.મી.જમીનનો બીનખેતી આકાર રૂ.૧૬૧૯/-(અંકે રૂપિયા એક હજાર ઓગણીસ પુરા)તથા તે ઉપર લેવા પાત્ર શિક્ષણ ઉપકર તથા લોકલ ફંડ શેષ તથા અન્યકર હુકમના વર્ષ-૨૦૧૩-૧૪ થી ભરપાઈ કરવાની શરતે તેમજ નીચે જણાવેલ શરતોને આધીન ૬૪૭૫-00 ચો.મી.જમીનમાં જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ હેઠળ વાણિજયના હેતુ માટે બીનખતી પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે.

<u>શરતોઃ-</u>

(૧) આ હુકમ થયાની તારીખથી ૬-માસમાં ખેતી સિવાયનું કૃત્યુ શરૂ કરી તેની લેખિત જાણ મામલતદારશ્રી,સીટીને કરવી પડશે.

(૨) આ હુકમની તારીખથી દિન-૧૫ માં અરજદારશ્રીએ સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,સુરતમાં બાંધકામના પ્લાન મંજુર કરાવી વિકાસ પરવાનગી મેળવી તે લગત મંજુર પ્લાન મેળવી લેવાના રહેશે તથા તેમાં દર્શાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.તદ ઉપરાંત તે રજાચિઠ્ઠી તથા તે લગત મંજુર પ્લાનના ૩(ત્રણ)સેટની સર્ટીફાઈડ નકલ અત્રે દિન-૧૫ માં રજુ કરવાની રહેશે.

(૩) જમીનધારકોએ જિલ્લા ઈન્સ્પેકટરશ્રી,લેન્ડ રેકર્ડઝ,સુરતની કચેરીમાં માપણી ફી રૂ.૧૫૦૦/-ચલણ નં.૪૨૩૮/૧૩-૧૪ તા.૧૬/૧૧/૨૦૧૩ થી જમા કરાવેલ છે.જેથી માપણી કરી/કરાવી આ હુકમ આધારે તેમજ મંજુર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું/કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસુલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બીનખેતીની જમીન/પ્લોટનું રજી.દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૪) આ હુકમની શરત-૨ મુજબ મંજુર વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર કરેલ પ્લાનમાં દર્શાવ્યા મુજબના ક્ષેત્રફળ ૬૪૭૫-00 ચો.મી.જમીનમાં ખેતી સિવાયના પ્લોટ પૈકી બાંધકામ માટે દર્શાવેલ મુજબના નિયત ક્ષેત્રફળ કરતા વધુ જમીનમાં અત્રેની પરવાનગી વગર બાંધકામ કરવુ નહી અને બાકીની જમીન આકાશ તરફ ખુલ્લી રાખવી પડશે.

Scanned by CamScanner

---

(૫) આ હુકમની શરત-૨ માં દર્શાવ્યા મુજબ સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,સુરત ધ્વારા મંજુર કરેલ વિકાસ પરવાનગીની મુદત પુર્ણ થયેથી અને જરૂર જણાયે મુદત લંબાવવા સબંધિત ઓથોરીટીની પરવાનગી લેવાની રહેશે.

(૬) સુરત શહેર વિકાસ સત્તા મંડળ,સુરત પાસેથી વિકાસ પરવાનગી આપવામાં આવ્યેથી તથા મંજુર પ્લાન આપવામાં ન આવે ત્યાં સુધી સવાલવાળી જમીન ઉપર કોઈપણ પ્રકારનું બાંધકામ ચાલુ કરી શકાશે નહી.

(૭) નકશામાં દર્શાવ્યા મુજબના માપો તથા માર્જીનો સ્થળે જાળવવાના રહેશે.

(૮) લેન્ડ રેવન્યુ કોડની કલમ-૪૮(૪) હેઠળ કલેકટરશ્રીની અગાઉની લેખિત પરવાનગી મેળવ્યા સિવાય મજકુર જમીનનો તથા બાંધકામનો રહેણાંક હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ થઈ શકાશે નહી.

(૯) સવાલવાળી જમીનમાં તમામ પ્રાથમિક સુવિધાઓ જેવી કે.રસ્તા, પાણી,ગટરલાઈન, ખાળકુવો, વીજળી,વરસાદી પાણીનો નિકાલ વિગેરે સુવિધાઓ અરજદારશ્રીએ પુરી પાડવાની રહેશે.

(૧૦) કબજેદારે ખેતી સિવાયનું કૃત્ય કર્યાની તારીખથી એક માસમાં ગામે અધિકારી મારફત કૃત્ય શરૂ કર્યાની લેખિત ખબર આપવી પડશે,જો તેમ કરવામાં કસુર થશે તો બીનખેતી ધારો ઉપરાંત દંડની રકમ લેવામાં આવશે.

(૧૧) કબજેદાર/અરજદારે પોતાના ખર્ચે સર્વે ખાતા મારફતે ખેતી સિવાયના પ્લોટની માપણી ત્રણ માસમાં કરાવવી પડશે.સર્વે ખાતા તરફથી માપણી થયા મુજબ ક્ષેત્રફળ અને આકારમાં જે કાંઈ ફેરફારને પાત્ર થાય તે ફેરફારને પાત્ર રહેશે તથા સર્વે ખાતાને માપણીનાં કામે જરૂરી વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર પ્લાનની નકલ અરજદારશ્રીએ મુદત અંદર પુરી પાડવાની રહેશે.

(૧૨) જે ક્ષેત્રફળની જમીન બીનખેતી કરાવી કે તેના ૭/૧૨ માં અસર આપવાની રહેશે અને બીનખેતી પરત્વે સીટી સર્વે દફતરે પણ તેટલા એરીયાની નોંધ કરવાની રહેશે.

(૧૩) કબજેદારે ખેતી સિવાયનું કૃત્ય ચાલુ કર્યાની તારીખથી અપીલનો સમય પુરો થયા બાદ બે માસની મુદતમાં નમુના ભભએમભભ માં આ હુકમમાં જણાવેલ તમામ શરતો સહીતની સનદ કરી આપવી પડશે અને આ પરવાનગીની સનદમાં જણાવેલ શરતોને આધીન રહેશે.

(૧૪) કુવાથી ૧૦૦ ફુટ અંદર નજીક ખાળકુવો બાંધવો નહી તેમજ ખાળકુવાનો ઉપયોગ કરવો નહી.

(૧૫) મંજુર કરેલ ખેતી સિવાયના પ્લોટની જમીનની આજુબાજુ કંપાઉન્ડ બાંધવાનો પ્રસંગ ઉભો થાય તો સાડાત્રણ ફુટથી વધુ ઉચાઇએ બાંધવું નહી,રસ્તા તરફની બાજુએ દિવાલ બાંધવી હોય તો બાંધકામ ઓથોરીટીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બાંધવી નહી.

(૧૬) આ હુકમની તારીખથી ૩(ત્રણ)વર્ષમાં બાંધકામ પુરૂ કરવુ પડશે.બાંધકામ પુરૂ કરી એક માસમાં તેની જાણ મામલતદાર સીટી ને કરવી પડશે.બાંધકામ મુદત અંદર પુરૂ કરવામાં ન આવશે તો મુદત માટે અરજી કરવાની રહેશે.

(૧૭) બાંધકામમાં સહેલાઈથી બળી જાય તેવા સ્ફોટક પ્રદાર્થો યા સાધનોનો ઉપયોગ કરવો નહી.

(૧૮) રૂપાંતરકરની રકમ રૂ.૬૪.૭૫૦/-ચલણ નં.૪૮/૧૩-૧૪ તા.૨૬/૧૧/૨૦૧૩ થી ભરપાઈ કરવામાં આવેલ છે.જે જિલ્લા તિજોરી અધિકારીની કચેરીમાં ખરાઈ માટે રજુ કરેલ છે.જે ખરાઈનો રીપોર્ટ બંધનકર્તા રહેશે.

(૧૯) સદરહુ જમીન સક્ષમ અધિકારીની પરવાનગી વગર કોઈપણ વિદેશીને કે જે ભારતના નાગરિક ન હોય તેને વેચી શકશે નહી.

(૨૦) બાંધકામ પુરુ થયે ૧(એક)માસમાં તેની જાણ મામલતદારશ્રી,સીટી તેમજ સીટી સર્વે સુપ્રિશ્રી,સુરતને કરવાની રહેશે.

Scanned by CamScanner

મોજે;જહાંગીરાબાદ તા;સીટીના રે.સ.નં.૨૪ બ્લોકનં.૨૬/૧ ક્ષે.૬૪૭૫ ચો.મી. જમીન વાણિજ્યના હેતુ માટે અત્રેની કચેરીના હુકમક્રમાંક;એ/જમન/એસઆરનં.૩/૧૩/ID NO-2489/વશી/૯૧/૨૦૧૪ તા.૬/૩/૨૦૧૪

---

(૨૧) અરજદારશ્રી સુચિત બાંધકામ કે જમીન જે તે સંસ્થા કે ઈસમને ભાડે યા વેચાણથી આપે તો હુકમમાં દર્શાવેલ તમામ શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ વેચાણ યા ભાડાખતમાં તમામ શરતોનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૯/૫/૨૦૦૧ ના હુકમ ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૧/૪૫૫/લ માં સ્ટ્રકચરલ સેફટી માટે દર્શાવેલ જોગવાઈઓ અને તે સાથે સામેલ એનેક્ષર એકસ-૧ થી દર્શાવેલ સ્ટ્રકચરલ સેફટી સબંધી વિકાસ નિયંત્રણ નિયમોનું પાલન કરવાનુ રહેશે અને તથા તે અનુસારના બાંધકામ માટે સ્થાનિક નગરપાલિકાની પુર્વ મંજુરી લઈ ત્યારબાદ જ બાંધકામ શરૂ કરવાનું રહેશે અને અરજદારશ્રી ધ્વારા હુકમની જોગવાઈઓનું પાલન થાય છે કે કેમ?તે અંગેની તકેદારી સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,સુરતએ રાખવાની રહેશે અને કોઈપણ શરતોનો ભંગ થશે તો બીનખેતીની પરવાનગી શરતના ભંગ બદલ અત્રે પણ સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સુરતએ પણ ધોરણસરની કાર્યવાહી કરવાની રહેશે.

(૨૩) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃબખપ/૧૦૨૦૦૨/૧૯૦૭/ક તા.૨૮/૨/૦૩ ની સુચના મુજબ ભભવરસાદી પાણીના ભુર્ગભ વહન/સંચય માટે દર મકાન/બહુમાળી મકાન નકશા મંજુર કરવાની સત્તા ધરાવતા સત્તા તંત્રએ આપેલ મંજુરી મુજબ દીઠ એકના દરે પરકાલેટીગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશેભભ

(૨૪) આ પરવાનગી ફકત રહેણાંકના હેતુ માટે બીનખેતીના હેતુસર આપવામાં આવે છે.પરંતુ અન્ય ખાતાઓની સંબંધિત કોઈ કાનુન/નિયમો અન્વયે કોઈ પરવાનગી/મંજુરી લેવાની થતી હોય તો તે મેળવવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૨૫) પ્રશ્નવાળી જમીન બીનખેતી કરવામાં આવે છે.જેમાં સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,સુરત ધ્વારા તેમના નિતિ નિયમોનુંસાર જેટલુ બાંધકામનો પ્લાન મંજુર કરવામાં આવે તે માન્ય ગણવાનો રહેશે.

(૨૬) સદર જમીનમાંથી પેટ્રોલીયમ/પાણીની કે અન્ય કોઈપણ પ્રકારની પાઈપલાઈન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટીએ સબંધિતોનું એન.ઓ.સી.મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૨૭) બીનખેતી પરવાનગી આપેલ આ જમીનના આકાશી ભાગમાંથી ઈલેકટ્રીક હાઈટેન્શન તથા લો-ટેન્શન લાઈન પસાર થતી હોય તો જમીનધારકોએ જે હકીકત બાંધકામના પ્લાન મંજુર કરી વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટી સમક્ષ જાહેર કરી પ્રથમ સબંધિત ખાતાનું એન.ઓ.સી.મેળવી તે ધ્યાનમાં લઈને બાંધકામના પ્લાન મંજુર કરવાના રહેશે તથા જમીનધારકોએ આ બાબતે સબંધિત વિભાગ/ખાતા ધ્વારા આપવામાં આવતી એન.ઓ.સી.માં જણાવેલ શરતોનું તથા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૮) આ પરવાનગીથી જમીનના માલિકી હકક બાબતે કોઈ તકરાર ભવિષ્યમાં ઉપસ્થિત થાય તો તેમાં પરવાનગી આપનારની કોઈ જવાબદારી રહેશે નહી.

(૨૯) સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવના ક્રમાંકઃબખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૦૮ નાં ઠરાવથી પરિશિષ્ટ-૪ થી નિયત કરેલ નીચે જણાવેલ શરતોનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેનો ઉપર મુળ ટીપ્પણી ની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ.રજુ કરાયેલ પ્લાન થતા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાવેલ હોવો જોઈએ.

Scanned by CamScanner

---

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે.પરંતુ અરજદાર બીનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજાચિઠ્ઠી મેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજુર થઈ ગયેલ છે.ત્યાં જી.ડી.સી.આર.અને ઝોનીગના નિયમોનુંસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થયની દષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી રહેશે.

(૬) ઔધોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો બાંધકામ કરતા પહેલા જિલ્લા ઉધોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ફલોર,મીલ,સીનેમા/ટુરીગ સીનેમા/થીયેટર માટે બીનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટ્રોલ,ડીઝલ,કેરોસીન,સી.એન.જી.એલ.પી.જી.પંપ નાંખવા માટે બીનખેતી પરવાનગી કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઈન્ડીયન એક્ષપ્લોઝીવ અન્વયે મેગેનીઝ,કાયરવર્કસ,દારૂખાના માટે બીનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનુ રહેશે.

(૧૧) સવાલવાળી જમીનનો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વે હદથી ૩૦-મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનુ રહેશે.

(૧૨) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) બીનખેતી માંગવામાં આવી હોય તેવી જમીનનો એરોડ્રામ આસપાસના ૨૦ કિ.મી.ની ત્રિજયમાં આવતી હોય ત્યારે બાંધકામ ઉંચાઈ તથા એરોડ્રોમની દષ્ટિએ જરૂરી એવુ ભભ ના વાંધા પ્રમાણપત્રભભ સીવીલ એવીનેશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ભારતીય વાયુસેના હવાઈ મથક તથા ઈનસ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનુ રહેશે.

(૧૫) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સબંધિત નિયમોનું પાલન કરવાનુ રહેશે.

(૧૬) નર્મદા કેનાલ/અન્ય સિચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સુચિત બાંધકામ માટે જાળવવાના થતા અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) અરજદારે જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક ( PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારક થી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈનેં પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારે જયાં જરૂરી હોય ત્યા ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

Scanned by CamScanner

---

(૧૯) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં અન્ય જીવન સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે અભયારણ અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતા અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૦) અરજદારે ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

**શિક્ષાત્મક કલમો:-**

(૨૦-અ) અરજદાર ઉપરોકત કોઈપણ શરતનો ભંગ કરે તો કલેકટર સદરહુ કાયદાના ઠરાવો અન્વયે અરજદાર બીજી કોઈપણ શિક્ષાને પાત્ર હોય તો તેને બાધ આવ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઈ સદરહુ જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઈ શકાશે.

(૨૦-બ) ઉપરોકત પેટા કલમમાં ગતે તે મજકુર હોય તે છતાં કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલ અથવા વધારાના કોઈપણ બાંધકામને કલેકટરશ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમ્યાન ખસેડવાનું અથવા તેમાં ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન તેવી રીતે ખસેડવામાં ન આવે તો તેમ કરાવવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલીની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

રવાનાકર્યું

ચીટનીશ ટુ ધી કલેકટર સુરત

સહી/-

(જયપ્રકાશ શિવહરે)

કલેકટર સુરત

રજી.પો.એ.ડી.ધ્વારા

પ્રતિ,

(૧) પરેશભાઈ ચંદુભાઈ વેકરીયા
(૨) વિજયભાઈ ગણેશભાઈ મોરડીયા
(૩) ધર્મેશભાઈ અમૃતલાલ પટેલ
(૪) જીવણભાઈ વાલજીભાઈ ભુગાણી
(૫) નરેશભાઈ ચંદુભાઈ વેકરીયા
(૬) સંજયભાઈ ગણેશભાઈ મોરડીયા
(૭) ગણેશભાઈ માધાભાઈ મોરડીયા

તમામ રહે.જહાંગીરાબાદ તા.સુરતસીટી જિ.સુરત

૨/-સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા મંજુર કરેલ વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર કરેલ બાંધકામ પ્લાન અસલ પ્રત સહીવાળી દિન-૧૫ માં રજુ કરવા સારૂ.

નકલ રવાના:- મામલતદારશ્રી,સીટી તા.સીટી જિ.સુરત તરફ.

૨/-આ હુકમની ગામ દફતરે ફેરફાર નોંધ પડાવી ગા.ન.નં.ર તથા ૪ માં નોંધ કરાવી વિશેષધારો વસુલ કરવા તેમજ સનદ ભભએમભભ નમુનામાં તૈયાર કરી બે માસમાં બીનચુક રજુ કરવા સારૂ.

૩/-આ હુકમની શરત નં.૧૨ મુજબ ગામ દફતરે અમલ કરવા ઈ-ધરા નાયબ મામલતદારશ્રીને સુચના આપવા સારૂ.

નકલ રવાના:- નાયબ મામલતદારશ્રી(ઈ-ધરા)મામલતદાર કચેરી,સીટી તાલુકા,સુરત જિ.સુરત તરફ.

Scanned by CamScanner

મોજે;જહાંગીરાબાદ તા;સીટીના રે.સ.નં.૨૪ બ્લોકનં.૨૬/૧ ક્ષે.૬૪૭૫ ચો.મી. જમીન વાણિજ્યના હેતુ માટે
અત્રેની કચેરીના હુકમક્રમાંક;એ/જમન/એસઆરનં.[illegible]/૧૩/ID NO-2489/વશી/૮/૨૦૧૪ તા.[illegible]/૩/૨૦૧૪

---

૨/-આ હુકમની ગામ દફતરે ફેરફાર નોંધ પાડી અમલ કરવા અને ફેરફાર નોંધની નકલ સાથે મામલતદારશ્રી મારફત રીપોર્ટ કરવા સારૂ.

નકલ રવાના:-તલાટીશ્રી,જહાંગીરાબાદ તા.સીટી જિ.સુરત તરફ.

૨/-આ હુકમની ગામ નં.નં.૨ તથા ૪ માં જરૂરી નોંધ કરી ગા.ન.નં.૬ માં નોંધ પાડી વિશેષધારો વસુલ કરવા તથા બાધંકામ નિયત સમયમાં શરૂ થયેલ છે કે કેમ?તેની ખાત્રી કરી અત્રે જાણ કરવા સારૂ.

નકલ રવાના:-જિલ્લા ઈન્સ્પેકટરશ્રી,લેન્ડ રેકર્ડ,સુરત તરફ.

૨/-જમીનધારકોએ ચલણ નં.૪૨૩૮/૧૩-૧૪ તા.૨૬/૧૧/૨૦૧૩ થી માપણી ફી રૂા.૧૫૦૦/- સરકારશ્રી માં જમા કરાવેલ હોય સુરત શહેરી વિકાસ સત્તા મંડળએ આપેલ વિકાસ પરવાનગી તથા તે લગત મંજુર કરેલ પ્લાનની સર્ટીફાઈડ નકલ મેળવી માપણી કરી મામલતદારશ્રી,ઓલપાડને જાણ કરવા સારૂ.

નકલ રવાના:-નાયબ કલેકટરશ્રી,સીટી પ્રાંત,સુરત તરફ.

નકલ રવાના:- મામલતદારશ્રી,એન.એ.શાખા તરફ.

૨/-બીનખેતીની પરવાનગી આપેલ આ જમીનને જયારે પણ સીટી સર્વે લાગુ પડે ત્યારે આ હુકમનો અમલ સીટી સર્વે દફતરે કરવા સારૂ.

COLLECTOR

Scanned by CamScanner

મોજે;જહાંગીરાબાદ તા;સીટીના રે.સ.નં.૨૪ બ્લોકનં.૨૬/૧ ક્ષે.૬૪૭૫ ચો.મી. જમીન વાણિજ્યના હેતુ માટે અત્રેની કચેરીના હુકમક્રમાંક;એ/જમન/એસઆરનં.૩/૧૩/ID NO-2489/વશી૧૯૧/૨૦૧૩ તા.૧૧/૩/૨૦૧૪

---

## પત્રક

| બીનખેતી પરવાનગી આપેલ જમીનમાં સ.નં.તથા કબજેદારનું નામ | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | નિયત દર મુજબ લેવાના બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારના બીનખેતી ઉપયોગ તેની વિગત. | વસુલ કરવાની બીનખેતી આકારની કુલ રકમ(રૂ.પૈસા) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| (૧) પરેશભાઈ ચંદુભાઈ વેકરીયા<br>(૨) વિજયભાઈ ગણેશભાઈ મોરડીયા<br>(૩) ધર્મેશભાઈ અમૃતલાલ પટેલ<br>(૪) જીવણભાઈ વાલજીભાઈ ભુગાણી<br>(૫) નરેશભાઈ ચંદુભાઈ વેકરીયા<br>(૬) સંજયભાઈ ગણેશભાઈ મોરડીયા<br>(૭) ગણેશભાઈ માધાભાઈ મોરડીયા<br>તમામ રહે.જહાંગીરાબાદ તા.સુરતસીટી જિ.સુરત<br>મોજેઃજહાંગીરાબાદ તા.સુરતસીટી(અડાજણ વિસ્તાર) ના સ.નં.૨૪ બ્લોક નં.૨૬/૧ ક્ષેત્રફળ ૬૪૭૫ ચો.મી.વાળી જમીન | ૬૪૭૫-૦૦ ચો.મી. | વાણિજયના હેતુ માટે પ્રતિ ચો.મી.ના રૂા.૦.૬૦ પૈસા લેખે | રૂા. ૩૮૮૫/- (અંકે રૂપિયા ત્રણ હજાર આઠસો પંચ્યાસી પુરા) |
| રૂપાંતર વેરો લેવાનો થતો હોય તો તેની રકમ | શિક્ષણ વેરો લવાનો થતો હોય તો તેની રકમ | અન્ય કોઈ વેરો વસુલ કરવાનો થતો હોય તો તેની રકમ | કોલમ નં.૪,૬,૭ ના વેરા કઈ તારીખથી લેવાના થાય છે. |
| (૫) | (૬) | (૭) | (૮) |
| વાણિજયના હેતુ માટે પ્રતિ ચો.મી.ના રૂા.૩૦/- લેખે ૬૪૭૫-૦૦ ચો.મી.ના રૂા.૧,૯૪,૨૫૦/- ચલણ નં.૪૮/૧૩-૧૪તથા ચલણ નં.૫૫/૧૩-૧૪ તા.૧૮/૧/૨૦૧૪ | નિયમ મુજબ | લોકલ ફંડ શેષ નિયમ મુજબ | સને-૨૦૧૩-૧૪ |

COLLECTOR
કલેકટર
DISTRICT SURAT

ક્રમાંકઃએ/જમન/એસઆરનં.૩/૨૦૧૩
/ID.NO.2489/ વશી૧૯૧/૨૦૧૪
બી-બ્લોક,પાંચમો માળ,ચીટનીશ શાખા,
કલેકટર કચેરી,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ,સુરત.તા.૧૨/૦૩/૨૦૧૪

રવાનાકર્યુ
ચીટનીશ ટુ ધી કલેકટર સુરત

સહી/-
(જયપ્રકાશ શિવહરે)
કલેકટર સુરત

Scanned by CamScanner